# માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 20-11-2026 |
| **Question No:** | 7(1) |
| **Corporator Name:** | RASILABEN SURESHBHAI GARAIYA - Corporator : Ward 16 |
| **Question Subject:** | રાજકોટ મહાનગરપાલિકા માં ટી.પી. 21 સ્કીમ મુજબ કેટલા ટકા જગ્યા, રોડ, રસ્તા કે પબ્લિક જાહેર હેતુ કે અન્ય સંબંધમાં કોર્પોરેશન દ્વારા કેટલા ટકા જગ્યા ફરજિયાત લેવામાં આવે છે. જેની નિયમાવલીની માહિતી આપવા વિનંતી. તથા સોસાયટીને ટી.પી. 21 ફાઇનલ કર્યા પહેલા નોટિસ કે જાહેરનામું આપવામાં આવેલ હોય તો તેની વિગત આપવા વિનંતી. |
| **Department:** | TOWN PLANNING |
| **Ward:** | OTHER |
| **Employee:** | 9727727839-HITARTH M ARYA (TPO) |
| **Question Detail:** | - |
| **Question Date:** | 12-11-2026 |

**Answer Details:**

- સદર નગર રચના યોજના બનાવતી વેળાએ સરેરાશ ટી.પી. કપાત ૩૦.૦૦% કરવામાં આવેલ છે, પરંતુ હાલમાં ધી ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ-૧૯૭૬ ની જોગવાઈ ધ્યાને લઈ કપાતનું ધોરણ નક્કી કરવામાં આવે છે.
- સદર નગર રચના યોજના આખરી કરતા પહેલા સરકારશ્રી દ્વારા નિમણુંક કરાયેલ નગર રચના અધિકારીશ્રી દ્વારા અધિનિયમની જોગવાઈ અન્વયે કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરી આખરી યોજનાના નિર્ણયો તા.૧૧/૦૯/૨૦૨૫ ના રોજ જાહેર/પ્રસિદ્ધ કરવામાં આવેલ. આખરી નગર રચના યોજના અંગેના નિર્ણયોની જાણ ગુજરાત સરકારશ્રીના તા.૧૨/૦૯/૨૦૨૫ ના અસાધારણ રાજ્યપત્રમાં તથા તા.૧૩/૦૯/૨૦૨૫ ના સ્થાનિક દૈનિક વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

HITARTH M ARYA (TPO)

-

17-11-2026 07:37 PM

# માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 20-11-2026 |
| **Question No:** | 7(2) |
| **Corporator Name:** | RASILABEN SURESHBHAI GARAIYA - Corporator : Ward 16 |
| **Question Subject:** | ટી.પી. 21 સ્કીમ મુજબ આવેલ તમામ સર્વે નંબરમાં કયા સર્વે નંબર કઈ સોસાયટી આવેલ છે અને તે ટોટલ કેટલા ચો.મી. છે તેમાં કેટલા મીટર જમીન રોડ રસ્તામાં ફાળવેલ છે અને કેટલા મીટરના પ્લોટ રિઝર્વેસનમાં લીધેલ છે અને કયા હેતુથી લીધા છે તેની વિગત આપવા વિનંતી . |
| **Department:** | TOWN PLANNING |
| **Ward:** | OTHER |
| **Employee:** | 9727727839-HITARTH M ARYA (TPO) |
| **Question Detail:** | - |
| **Question Date:** | 12-11-2026 |

**Answer Details:**

નગર રચના યોજના તૈયાર કરતા સમયે યોજનામાં સમાવિષ્ટ તમામ સર્વે નંબરના રેવન્યુ રેકર્ડ ને ધ્યાને લઈને આયોજન કરવામાં આવે છે, જેથી સોસાયટીના નામ મુજબનું રેકર્ડ નિભાવવામાં આવતું ન હોય, તેની વિગત આપી શકાય નહિ.

- સદર નગર રચના યોજના નં.૨૧(મવડી)માં વાણિજ્ય વેંચાણ હેતુ, રહેણાંક વેંચાણ હેતુ, સામાજીક અને આર્થીક રીતે નબળા લોકો માટે રહેઠાણ, માળખાકીય સુવિધાઓના હેતુ માટે, બગીચો, ઓપન સ્પેસના વિવિધ હેતુ માટેના કુલ-૭૯ અનામત પ્લોટો મળી કુલ ક્ષેત્રફળ ૧૧૧૮૮૨.૦૦ ચો.મી. છે.
- રહેણાંક વેંચાણ હેતુ માટે તથા વાણિજ્ય વેંચાણ હેતુ માટે કુલ-૩૩ અનામત પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૫૫૮૩૮.૦૦ ચો.મી. થાય છે.
- સામાજીક અને આર્થીક રીતે નબળા વર્ગના લોકો માટે રહેઠાણ માટે કુલ-૧૧ અનામત પ્લોટોનું કુલ ક્ષેત્રફળ ૨૫૩૨૪.૦૦ ચો.મી. થાય છે.
- માળખાકીય સુવિધાઓના હેતુ માટે, બગીચો, ઓપન સ્પેસના વિવિધ હેતુ માટેના કુલ-૩૫ અનામત પ્લોટોનું ક્ષેત્રફળ ૩૦૭૨૦.૦૦ ચો.મી. થાય છે.
- સદર નગર રચના યોજના વિસ્તારમાં ટી.પી. રસ્તાઓનું કુલ ક્ષેત્રફળ ૧૩૪૯૯૩.૦૦ ચો.મી. થાય છે.

HITARTH M ARYA (TPO)
-
18-11-2026 06:27 PM

# માહે નવેમ્બર-૨૦૨૬ સમગ્ર સભાની સાધારણ મીટીંગ (જનરલ બોર્ડ)

| | |
|---|---|
| **General Board Date:** | 20-11-2026 |
| **Question No:** | 7(3) |
| **Corporator Name:** | RASILABEN SURESHBHAI GARAIYA - Corporator : Ward 16 |
| **Question Subject:** | ટી.પી. 21 સ્કીમ મુજબ આવેલ કેટલી સૂચિત સોસાયટી છે. તેની તમામ વિગત અને તેના નામ સાથે તેમાંથી શ્રી સરકાર જગ્યા છે તેમાં આવેલ રિઝર્વેસન અનામત કર્યા પહેલા કલેક્ટર શ્રીને જાણ કરવામાં કે નોટિસ આપવામાં આવેલ છે ? જો હા તો તેની તમામ વિગત અને જો ના ! તો કયા નિયમ હેઠળ જાણ કરવામાં આવેલ નથી તેની તમામ વિગતવાર જાણકારી આપવા વિનંતી |
| **Department:** | TOWN PLANNING |
| **Ward:** | OTHER |
| **Employee:** | 9727727839-HITARTH M ARYA (TPO) |
| **Question Detail:** | - |
| **Question Date:** | 12-11-2026 |

**Answer Details:**

સૂચિત સોસાયટી બાબતેનું કોઈ રેકર્ડ અત્રેની કચેરીમાં ઉપલબ્ધ ન હોય, જેથી આપી શકાય નહીં.

- સદર નગર રચના યોજના નં. ૨૧ (મવડી) નો મુસદ્દો તૈયાર કરવા બાબતે અધિનિયમની જોગવાઈ મુજબ મુખ્ય નગર નિયોજકશ્રી દ્વારા તા.૨૦/૧૨/૨૦૦૫ થી હદ પરામર્શ આપવામાં આવેલ, ત્યારબાદ રાજકોટ મહાનગરપાલિકાની સામાન્ય સભાના ઠરાવ નં. ૧૮/૦૧/૨૦૦૬ થી મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૨૧ (મવડી) તૈયાર કરવાનો ઈરાદો જાહેર કરવામાં આવ્યો. જેની પ્રસિદ્ધિ તા. ૨૦/૦૧/૨૦૦૬ ના અસાધારણ રાજ્યપત્રમાં તથા તા. ૨૩/૦૧/૨૦૦૬ ના સ્થાનિક દૈનિક વર્તમાન પત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ, જેમાં આ નગર રચના યોજનાની હદમાં આવેલ તમામ જમીન માલિકો (ખાનગી તેમજ સરકારી) ની જમીનનો પણ સમાવેશ થાય છે. સદરહું નગર રચના યોજનાનો મુસદ્દો તૈયાર કર્યા બાદ તમામ જમીનમાલિકો તથા હિત ધરાવતી વ્યક્તિઓને સમજુતી આપવા બાબતે ઓનર્સ મિટિંગનું આયોજન કરવામાં આવેલ અને સદર બાબતે વાંધા સૂચનો મેળવવા અર્થે ગુજરાત સરકારના અસાધારણ રાજ્યપત્ર તથા દૈનિક વર્તમાન પત્રમાં પણ પ્રસિદ્ધિ કરવામાં આવેલ. ત્યારબાદ આવેલ વાંધાસૂચનો અન્વયે જરૂરી સુધારા કરી સદરહું મુસદ્દારૂપ નગર રચના યોજના સરકારશ્રીમાં મંજુરી અર્થે સાદર કરવામાં આવેલ.
- સદર નગર રચના યોજનાને સરકારશ્રી દ્વારા તા.૧૩/૧૦/૨૦૦૬ થી ડ્રાફ્ટ મંજુર કરવામાં આવેલ, ત્યારબાદ સરકારશ્રી દ્વારા નિમણુંક કરાયેલ ટી.પી.ઓ.શ્રી દ્વારા સદર નગર રચના યોજનામાં સમાવિષ્ટ તમામ જમીનોના જમીનમાલિકો તથા હિત ધરાવતી વ્યક્તિઓનું વ્યક્તિગત હિયરીંગ કરી તમામ જમીન માલિકોને તથા હિત સંબંધ ધરાવતા વ્યક્તિઓને તેમજ સરકારશ્રી (કલેક્ટરશ્રી)ને રૂબરૂ સુનવણી કરી થયેલ રજુઆતો ધ્યાને લઈ નગર રચના યોજન આખરી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે.

HITARTH M ARYA (TPO)
-
18-11-2026 06:33 PM